# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) અન્વયે કાઢેલ હુકમ
ક્રમાંક/ટ્રાફિક/લો.સા.ચૂં-૨૦૨૪/ / ૪૭૪૯ /૨૦૨૪

પોલીસ કમિશ્નર
સુરત શહેર, સુરત.
सत्यमेव जयते

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર, સુરત
તા.૦૪/૦૫/૨૦૨૪

સુરત શહેરમાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ યોજાનાર છે. જે અનુસંધાને ૨૫-નવસારી સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૧૬૩-લિંબાયત વિધાનસભા મતદાર વિભાગ માટે રીસીવીંગ-ડીસ્પેચીંગ સેન્ટર શ્રીમતિ એમ.પી.લીલીયાવાલા વિદ્યાભવન, ડુંભાલ સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેથી તા.૦૬/૦૫/૨૦૨૪ ના રોજ ડીસ્પેચીંગના દિવસે સવારે કલાક-૦૫/૦૦ વાગ્યાથી મતદાન સ્ટાફ તથા મતદાન મથક ઉપર જવા માટે રૂટના વાહનો પણ વધુ સંખ્યામાં આવશે. તદ્ઉપરાંત તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ મતદાન પુર્ણ થતાં સાંજના કલાક-૦૬/૦૦ વાગ્યાથી મતદાન સ્ટાફ તથા રૂટના વાહનો રીસીવીંગ-ડીસ્પેચીંગ સેન્ટર શ્રીમતિ એમ.પી.લીલીયાવાલા વિદ્યાભવન, ડુંભાલ, સુરત ખાતે વધુ સંખ્યામાં આવનાર હોય જેથી ટ્રાફીકની સમસ્યા ન સર્જાય તથા ચૂંટણીની કામગીરીમાં અડચણ ન આવે તે માટે રીસીવીંગ-ડીસ્પેચીંગ સેન્ટર શ્રીમતિ એમ.પી.લીલીયાવાલા વિધ્યાભવન, ડુભાલના ગેટની બહારનો મુખ્ય રસ્તો મીઠીખાડી બ્રીજથી ડુંભાલ ફાયર સ્ટેશન તરફનો એક તરફી રસ્તો તા.૦૬/૦૫/૨૦૨૪ ના રોજ સવારના કલાક-૦૫/૦૦ વાગ્યાથી બપોરના કલાક-૧૨/૦૦ વાગ્યા સુધી તથા તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ સાંજના કલાક-૦૬/૦૦ વાગ્યાથી રાત્રીના કલાક-૧૨/૦૦ વાગ્યા સુધી બંધ કરવા જરૂરી કાર્યવાહી કરવા મદદનીશ નોડલ અધિકારીશ્રી લો.સા.ચુ.-૨૦૨૪ અને મદદનીશ પોલીસ કમિશ્નર વિશેષ શાખા, સુરત શહેર નાઓની કચેરીના ક્રમાંક:એસ.બી./૩૮૨૪/૨૦૨૪ તા.૦૨/૦૫/૨૦૨૪ થી અત્રેની કચેરી ખાતે જાહેરનામુ પ્રસિદ્ધ કરવા સારૂ પત્ર પાઠવેલ હોય જેથી ટ્રાફીકની સમસ્યા ન રહે તથા ચૂંટણીની કામગીરીમાં અડચણ ન આવે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તે હેતુસર ઉપરોક્ત રૂટ ઉપર તા.૦૬/૦૫/૨૦૨૪ ના રોજ સવારના કલાક-૦૫/૦૦ વાગ્યાથી બપોરના કલાક-૧૨/૦૦ વાગ્યા સુધી તથા તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ સાંજના કલાક ૦૬/૦૦ વાગ્યાથી રાત્રીના કલાક-૧૨/૦૦ વાગ્યા સુધી શ્રીમતિ એમ.પી.લીલીયાવાલા વિદ્યાભવન, ડુંભાલના ગેટની બહારનો મુખ્ય રસ્તો મીઠીખાડી બ્રીજથી ડુંભાલ ફાયર સ્ટેશન તરફનો એક તરફી રસ્તા ઉપર તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર ઉપર તેમજ પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩(૧)બી મુજબ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના હદ વિસ્તારમા આવેલ શ્રીમતિ એમ.પી.લીલીયાવાલા વિદ્યાભવન, ડુંભાલના ગેટની બહારનો મુખ્ય રસ્તો મીઠીખાડી બ્રીજથી ડુંભાલ ફાયર સ્ટેશન તરફના એક તરફી રસ્તા ઉપર તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર ઉપર તેમજ પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

## :: પ્રતિબંધિત વિસ્તાર અને કૃત્ય ::

શ્રીમતિ એમ.પી.લીલીયાવાલા વિધ્યાભવન, ડુંભાલના ગેટની બહારનો મુખ્ય રસ્તો મીઠીખાડી બ્રીજથી ડુંભાલ ફાયર સ્ટેશન તરફના એક તરફી રસ્તા ઉપર તા.૦૬/૦૫/૨૦૨૪ ના રોજ સવારના કલાક-૦૫/૦૦ વાગ્યાથી બપોરના કલાક-૧૨/૦૦ વાગ્યા સુધી તથા તા.૦૭/૦૫/૨૦૨૪ ના રોજ સાંજના કલાક ૦૬/૦૦ વાગ્યાથી રાત્રીના કલાક-૧૨/૦૦ વાગ્યા સુધી તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર ઉપર તેમજ પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ રહેશે.

ઉપરોક્ત મતદાનકાર્ય પુર્ણ થયેથી જાહેરના માંથી લાદવામાં આવેલ પ્રતિબંધ સમાપ્ત થશે.

## :: વૈકલ્પિક રૂટ ::

શ્રીમતિ એમ.પી.લીલીયાવાલા વિધ્યાભવન, ડુંભાલના ગેટની બહારનો મુખ્ય રસ્તો મીઠીખાડી બ્રીજથી ડુંભાલ ફાયર સ્ટેશન તરફના બીજા રસ્તાનો ઉપયોગ કરી અવર-જવર કરી શકાશે.

## :: અપવાદ ::

ઉપરોક્ત પ્રતિબંધમાંથી (૧) પોલીસ વિભાગના વાહનો, (૨) ફાયરના વાહનો, (૩) એમ્બ્યુલન્સ, (૪) SMCના વાહનો, (૫) સરકારશ્રીના વાહનો, (૬) VVIPશ્રીઓના વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધ માંથી મુક્તી રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજરોજ તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશનર,
સુરત શહેર.

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફિક, સુરત શહેર.

(૬) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૧, સુરત શહેર.

(૭) અધિક પોલીસ કમિશનરશ્રી, સેક્ટર-૨, સુરત શહેર.

(૮) અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ, સુરત શહેર.

(૯) પોલીસ મહાનિરીક્ષક, સુરત વિભાગ, સુરત.

(૧૦) કલેકટરશ્રી, સુરત શહેર.

(૧૧) મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત શહેર.

(૧૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧, ૨, ૩, ૪,૫,૬ અને કંટ્રોલ, ટ્રાફિક, ક્રાઇમ સુરત શહેર

(૧૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.

(૧૪) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.

(૧૫) મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ,બી,સી,ડી,ઈ,એફ,જી,એચ,આઇ,જે,કે,એલ, ટ્રાફિક, કંટ્રોલ, વિશેષ શાખા, હેડ કવાર્ટસ સુરત શહેર.

(૧૬) તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર (નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૧૭) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર

(૧૮) નિયામકશ્રી, માહિતી ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૧૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૨૦) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૨૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સુરત રેલ્વે પોલીસ સ્ટેશન.

(૨૨) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર (૨૦ નકલ) વર્તમાન પત્રો ટી.વી. ચેનલોને આપવી.

<u>સવિનય નકલ રવાના :-</u>

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુજરાત રાજય સોલા રોડ, અમદાવાદ.

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ, સુરત.

(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશયલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેસન્સ જજ કોર્ટ, સુરત.

(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.

(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, ચોર્યાસી તાલુકા.

(૭) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત.

પોલીસ કમિશ્નર ... શહેર, સુરત.